## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ, ફુટી ગયેલ પેપર પડ્યા હોય તો અમનેજ આપજો...!!

# છાલાના બંધ મકાનમાંથી રૂ.૯૮ હજારની ચોરી : તસ્કરો પલાયન

ગાંધીનગર,તા.૦૧

ગાંધીનગરના છાલા ગામમાં બંધ મકાનને તસ્કરોએ નિસાન બનાવી રૂ.૯૮ હજારની ચોરી કરી પલાયન થઈ ગયા છે. ઘરને તાળુ મારી પરિવાર કોઠ ગામે લગ્ન પ્રસંગે ગયો છે. ત્યારે ઘરનો નકુચો તોડી અંદર પ્રવેશી તિજોરી તોડી સોના-ચાંદીના દાગીના લઈ તસ્કરો રફુચક્કર થઈ ગયા છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૨ પંચદેવ મંદિર પાસે ચાની કીટલી ચલાવતા વિઠ્ઠલભાઈ પ્રજાપતિ છાલા ખાતે પરિવાર સાથે રહે છે. તેઓ ગત તા.૨૯-૧-૨૩ ના રોજ વિઠ્ઠલભાઈ પત્ની, પુત્ર,પુત્રવધુ અને દિકરી સાથે કોઠ ગામે સાળાના દિકરાના લગ્ન પ્રસંગ હોવાથી ગયા હતા. ત્યારે આજે સવારે તેમના ભત્રીજાએ ફોન કરીને વિઠ્ઠલભાઈને જણાવ્યું કે બાપા તમારુ ઘર ખુલ્લુ છે અને ઘરમાં ચોરી થઈ હોવાનું લાગી રહ્યું છે. જેથી પરિવારના સભ્યો તાત્કાલીક છાલા આવી ગયા હતા. જયા ઘરનો દરવાજો ખુલ્લો હતો અને નકુચો તુટેલી હાલતમાં હતો.

ઘરમાં અંદર પ્રથમ રૂમમાં આવેલી બેડની પેટી ખુલ્લી હતી અને સામાન વેર વિખેર પડ્યો હતો.જયારે બીજા રૂમની બે તિજોરીના તાળા તોડી દરવાજા ખુલ્લા હતા. તિજોરીમાંથી કપડા તેમજ દાગીનાના બોક્ષ વેરવિખેર પડ્યા હતા. ઘરમાં તપાસ કરતા સોનાની એક જોડ બુટ્ટી, ચાંદીના છડા, સોનાની બે જોડ બુટ્ટી, સોનાની ચુની, કેડ કંદોરો, ચાંદીની કડલી, સોનાનું ઓમ લખેલ પેન્ડલ તેમજ રોકડ રૂ.૫ હજાર મળી કુલ રૂ.૯૮ હજારની મત્તાની ચોરી થતા ચકચાર મચી જવા પામી છે. ત્યારે તસ્કરો હાલના સમયે ચિલોડા પંથકમાં પડાવ નાંખી એક પછી એક ચોરીને અંજામ આપી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે.



# શહેરના એજન્ટને રાત્રે કોઈ પદાર્થ સુંઘાડી કરોડ રૂપીયા લઈ શખ્સો છુમંતર

### અમેરીકા મોકલવા માટે દિલ્હીના એજન્ટે રૂ.૧ કરોડ રોકડા બતાવવાનું કહી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર ભાઈજીપુરા પાટીયા પાસે આવેલી હોટલ રોયલ મેન્સનમાં દિલ્હીથી આવેલા એજન્ટોએ કોઈ પદાર્થ સુંઘાડી ગાંધીનગરના એજન્ટના રોકડા રૂ.૧ કરોડ લઈ રફુચક્કર થઈ ગયા છે. કુડાસણ વિઝા કન્સલ્ટનસી ચલાવતા એજન્ટના પેસેન્જ ગેરકાયદેસર રીતે અમેરીકા મોકલવા માટે દિલ્હીના એજન્ટોએ રોકડા રૂપીયા બતાવવા માટે બેઠક યોજી હતી. જેમાં શહેરના એજન્ટને બેભાન કરી દિલ્હીના ઠગ ટોળકી બેગમાં રહેલા રૂ.૧ કરોડ લઈ છુમંતર થઈ ગયા છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે પાંચ શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના કે રાહેજા રોડ કોબાની સાર્થક શ્રી ગણેશ સોસાયટીમાં રમેશભાઈ ગોવાભાઈ ચૌધરી પરિવાર સાથે રહે છે. તેઓ પોતાના મુળ વતન માણસામાં ખેતી-પશુપાલન ઉપરાંત કુડાસણ ખાતે રાધે આર્કેડમાં કોમ્પ્લેક્ષમાં બી-૧૦૧ અને ૧૦૨ માં ગુરૂ ઓવરસીઝ નામે વીઝા કન્સ્લટન્સીની ઓફિસ આવેલી છે. આજથી ચાર માસ અગાઉ તેમણે માણસાના સોલૈયા ગામના રાજુ પટેલનું વિઝાનું કામ કર્યું હતું. જેને પગલે વિઝાનુ કામ કરતા એજન્ટ ગોવિંદ હરજીભાઈ પટેલ (રહે.મકાન નં.૫ બસંત બહાર સોસાયટી કુડાસણ મુળ રહે અંબાસણ મહેસાણા ) સાથે પરિચય થયો હતો.ત્યારપછી ગોંવિદભાઈ અવારનવાર રમેશભાઈની ઓફિસ ખાતે આવીને ગોવિંદભાઈને ગેરકાયદેસર વિઝાનું કામ કરવા માટે દબાણ કરતો હતો.જેથી રમેશભાઈએ તેને ઓફિસે આવવાની ના પાડી દીધી હતી. ત્યારબાદ દોઢ માસ પછી એજન્ટ ગોવિંદભાઈ પટેલે પોન કરીને રમેશભાઈને કહ્યું કે હાલ દિલ્હીમાં રહેતો અને મુળ પંજાબ હરીયાણાનો જાસ બાજવા નામનો એજન્ટ મારો મિત્ર છે. જેનાથી હું ત્રણ વર્ષથી પરિચિત છુ.જેનુ કામ સારુ છે અને હાલ એક કપલના પાસપોર્ટ મારી પાસે છે.જેમને અમેરીકા મોકલવા માટે જાસ બાજવા લેન્ડીંગ પેમેન્ટની શરતે કામ કરવા તૈયાર છે. તેમ રૂપીયાનું રોકાણ કરો તો તગડો ફાયદો થશે. આપણે માત્ર રૂપીયાનો વિડીયો બનાવની જાસ બાજવાને બતાવવાનો છે. આ શાંભલી રમેશભાઈના મનમાં લાલચનો કીડો સળવળ્યો હતો. ત્યારબાદ રમેશભાઈ, ગોવિંદભાઈ પટેલ અને દિવ્ય પંચાલ મળી કુલ ત્રણ એજન્ટ એકઠા થયા હતા. ત્યારે દિવ્ય પણ તેના બે મુસાફરોને ઉકત શરતે મોકલવા તૈયાર થઈ ગયો હતો. જેમાં મુસાફરોને ફેબ્રુઆરી-૨૦૨૩ ના પહેલા વીકમાં મોકલવાની વાત થઈ હતી. પરંતુ ગોવિંદ પટેલ દ્વારા તા.૨૭મી જાન્યુઆરીએ પેસેન્જરોને દિલ્હી જવા તૈયાર રહેવા કહ્યું હતું. જે અન્વયે નક્કી થયા પ્રમાણે રૂપીયાનો વિડીયો બનાવીને રમેશભાઈએ તા.૨૫ જાન્યુઆરી ગોવિંદભાઈને મોકલી દીધો હતો.જયારે બીજા દિવસે તા.૨૬ જાન્યુઆરીના રોજ ત્રણેય તેમજ રમેશભાઈ વેલાભાઈ ચૌધરી (રહે અમરાપુર ખરણા) તેમજ દિવ્યના પેસેન્જર મિત્ર ભાવિક ચૌધરી (રહે બાલવા) કુડાસણ ખાતે એકઠા થયા હતા.જયા દિવ્યએ રમેશ, ગોવિંદભાઈ, અને અન્ય ચાર પેસેન્જરોની ટ્રાવેલ્સની ટીકીટ બુક કરાવી હતી. ત્યારબાદ સૌ મિત્રો દિલ્હી પહોચ્યા હતા. જયાં એક હોટલમાં જાસ બાજવાને મળ્યા હતા. ત્યારે તેણે રૂપીયાનો વિડીયો નહી પર રૂબરૂ બતાવવાની વાત કરી હતી. તેની જાણ રમેશભાઈએ દિવ્યને કરી હતી. જે રૂપીયા બતાવવા તૈયાર થઈ જતા જાસ બાજવાને બે માણસો મહેસાણા પહોંચ્યા હતા.પરંતુ કોઈ કારણોસર બેઠક થઈ શકી ન હતી. જેથી બીજા દિવસે રમેશભાઈએ બાજવાના વ્યકિતઓને સરગાસણની એક હોટલમાં રહેવાની સગવડ કરી હતી. આ દરમિયાન દિવ્ય પાસે તે સમયે રૂ.૨૫ લાખ હોવાથી વિદેશ મોકલવાનું પેસેન્જરનુ કામ અટકી ગયુ હતું. જયારે ગોવિંદ અને દિવ્ય તેમજ પેસેન્જરો દિલ્હી રોકાયા હતા. જયારે રમેશભાઈ દિલ્હીથી ફલાઈટમાં પરત આવ્યા હતા. તેઓએ વિવિધ મિત્રો પાસેથી રૂપીયા લઈ એક કરોડની વ્યવસ્થા કરી હતી. તેસમેય બાજવાના માણસોએ ઉકત હોટલમાં ભીડ બહુ હોવાથી કહી બીજે રહેવાની વ્યવસ્થા કરવા માટે કહ્યું હતું. જેથી રમેશભાઈએ તેના મિત્ર જયમીન પટેલ સાથે ભાઈજીપુરા પાટીયા પાસે એક હોટલની ગોઠવણ કરી હતી. જયારે દિલ્હીના વ્યકિતઓ સામે રૂપીયા ગણીને કબાટમાં મુકયા હતા. જયારે રાત્રીના સમયે બધા સુઈ ગયા હતા. રાત્રીના સમયે અચાનક રમેશભાઈ ઉંઘમાંથી ઉભા થઈને જોયુ તો તેમની છાતીના ભાગે ગાદલુ મુક્યું હતું.જયારે રૂમમાં પણ કોઈ દેખાયુ ન હતું. જયારે કબાટમાંથી રૂપીયા પણ ગાયબ હતા. જયમીન પટેલનો ફોન આવ્યો હતો અને બે વ્યકિતઓ વોકસવેગન કારમાં બેસી રૂપીયા લઈ નાસી ગયા છે.ત્યારબાદ રમેશભાઈએ ગોવિંદભાઈ અને દિવ્ય સહિત મુસાફરોને પરત બોલાવી લીધા હતા. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દોલારાણા વાસણા નાગણેશ્વરી મંદિરે તસ્કરો ત્રાટકયા : છત્તર-પાદુકાની ચોરી

### ચાંદીનું ૫૦૦ગ્રામનું છત્તર અને ૨૦૦ ગ્રામના પાદુકા મળી કુલ રૂ.૫૦ હજારની ચોરી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના દોલારાણા વાસણા ગામે નાગણેશ્વરી માતાજીના મંદિરને તસ્કરોએ નિશાન બનાવ્યું છે. તસ્કરોએ મંદિરની જાળી તેમજ ગર્ભગૃહનું તાળુ તોડી અંદર પ્રવેશી મંદિરમાંથી માતાજીનું ૭૦૦ ગ્રામનુ ચાંદીનુ છત્તર અને ૨૦૦ ગ્રામના પાદુકા મળી કુલ રૂ.૫૦ હજારથી વધુની ચોરી કરી ચોર શખ્સો પલાયન થઈ ગયા છે. બનાવ અંગે મંદિરના પુજારીએ ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા ચોર શખ્સોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પંથકમાં તસ્કરો એક પછી એક ચોરીને અંજામ આપી રહ્યા છે. ચોર શખ્સો ચોરી કરીને ચિલોડા પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે રાત્રીના સમયે નાઈટ પેટ્રોલીંગ પર પણ સવાલ ઉભા થાય છે. ચિલોડા પંથકમાં મંદિરો પણ સલામત રહ્યા નથી. તાજેતરમાં એક સાથે ત્રણ મંદિરના તાળા તોડી તસ્કરોએ આતંક મચાવ્યો હતો. તે ચોર શખ્સોની કોઈ ભાળ મળી નથી. ત્યારે દોલારાણા વાસણા ગામે નાગણેશ્વરી માતાજીના મંદિરમાં તસ્કરોએ ત્રાટકી હાહાકાર મચાવ્યો છે. મંદિરમાં પુજારી તરીકે સેવા આપતા મહેન્દ્રકુમાર ગોવિંદરામ આચાર્ય (ઉં.૬૦) ગઈકાલે રાત્રીના આઠ વાગે આરતી કરી મંદિરના ગર્ભગૃહ અને જાળીને લોક મારી ઘરે જતા રહ્યા હતા.જયારે સવારે પાંચ વાગે મંગળા આરતી માટે પુજારી મંદિરે ગયા હતા. ત્યાં જઈને જોયુ તો મંદિરમાં જાળીનું અને ગર્ભગૃહનુ તાળુ તુટેલુ હતું. મંદિરમાંથી માતાજીનું છત્તર ૫૦૦ ગ્રામ ચાંદીનું અને ૨૦૦ ગ્રામ ચાંદીના પાદુકા ગાયબ હતા. મંદિરમાંથી કુલ-૭૦૦ ગ્રામ ચાંદીની કિં.૫૦ હજાર ગણી શકાય છે. ત્યારે ચિલોડા પંથકમાં તસ્કરો એક પછી એક મંદિર પર ત્રાટકીને તરખાટ મચાવી રહ્યા છે. ત્યારે ચિલોડા પોલીસના સંકજામાં ચોર શખ્સો ક્યારે આવે છે તે જોવુ રહ્યું..




પાટનગરવાસીઓ ઠંડીની મોસમમાં વહેલી સવારે ઠંડીથી બચવા માટે તાપણીનો સહારો લઈ રહ્યા છે. શિયાળો પોતાની પકડ મજબૂત બનાવી રહ્યો હોય તેમ લઘુત્તમ તાપમાનમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. તેથી ઠંડીની તીવ્રતામાં વધારો થતાં તાપણી સભાનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.

# સે-૨૮ પ્રેસ સર્કલ પાસેથી ત્રણ જુગારી ઝડપાયા

ગાંધીનગર,તા.૧

શહેરના સેકટર-૨૮ પ્રેસ સર્કલ પાસેના છાપરા પાસે ખુલ્લી જગ્યામાંથી જુગારની બાજી માંડીને બેઠેલા પ્રવિણસિંહ કિર્તિસિંહ સોલંકી, સંજય સોમાભાઈ વાદી, અને ભાથી લક્ષ્મણ વાદીને સેકટર-૨૧ પોલીસ મથકના જવાનોએ બાતમીને પગલે પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળી કુલ રૂ.૬૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણેય જુગારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચંદ્રાલા નાકા પોઈન્ટ ઉપર બસમાં મુસાફર પાસેથી દારૂની ૨૪ બોટલ મળી




ચિલોડા પોલીસના જવાનો ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહનચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે પટેલ ટ્રાવેલ્સની બસમાંથી મુસાફર ખ્યાલીરામ સુરજન મીણા (ઉં.૩૨, રહે.બગડેરા, તા.બસ્વા, જી.દૌસા, રાજસ્થાન) પાસેથી હાઈરેન્જની વિદેશી દારૂની ૨૪ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૩૬ હજારનો દારૂ અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.૩૯ હજારનો મુદ્દામાલ કબ્જે કરી રાજસ્થાનથી માલ મોકલનાર રાજુરામ સુરજન મીણા સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કપડવંજના રમતવીરો હવે ઓલમ્પિક રમત ફેન્સીગની તૈયારી કરશે

ગાંધીનગર,તા.૦૧

કપડવંજ કેળવણી મંડળ દ્વારા મંડળ સંચાલીત વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓને ઓલમ્પિક રમત ફેન્સીગમા તૈયારી કરાવવાનુ નક્કી કર્યુ છે. જેના ભાગરૂપે આજે ૧લી ફેબ્રુઆરીના રોજ ફેન્સીગ રમતનુ નિદર્શન કરવામા આવ્યુ હતુ અને શાળાના વિદ્યાર્થીઓને ઓલમ્પિક રમત ફેન્સીગથી માહિતગાર કર્યા હતા. શાળાના સીઇઓ શ્રી મૌલીકભાઇ એ માહિતી આપતા જણાવ્યુ હતુ કે, ફેન્સીગ રમતનુ ભારતના હાઇપર્ફોમન્સ સેન્ટર એવી સંસ્કારધામ સ્પોર્ટસ એકેડમી કપડવંજમા ફેન્સીગ રમતના ડેવલપમેન્ટ માટે કામગીરી કરશે, જેના ભાગરૂપે કોચની.નિયુક્તિ કરવામા આવેલ છે. એસ.એ.આઇ. ટોપ્સ ના ભુતપુર્વ સીઇઓ અને હાલમા ઇએલએમએસ ના સીઇઓ કમાન્ડર રાજેશ રાજગોપાલન અને ટ્રસ્ટના સંચાલન મંડળના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાતમા ફેન્સીગ રમતના વિકાસનો પાયો નાખનાર એમેચ્યોર ફેન્સીગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના મહામંત્રી અને સંસ્કારધામ સ્પોર્ટસ એકેડમીના ટેલેન્ટ આઇડેન્ટીફિકેશન મેનેજર ભરતજી ઠાકોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેઓની દેખરેખ હેઠળ સમગ્ર કાર્યક્રમ ચાલશે.

# ગાંધી સાહિત્ય વિતરણ અને ગાંધી પુસ્તકો અને પોસ્ટરની પ્રદર્શની

ગાંધીનગર,તા.૦૧

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા ગાંધી સાહિત્ય વિતરણ અને ગાંધી પુસ્તકો – પોસ્ટરની પ્રદર્શની આયોજન માનનીય રાજપાલશ્રી આચાર્ય દેવવ્રતના આહવાન પર આજાદીના અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ – શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ અંતર્ગત દત્તક લીધેલ ગામ સાદરા અને મોતીપુરાની સાદરા પ્રાથમિક શાળા અને મોતીપુરા પ્રાથમિક શાળામાં કરવામાં આવ્યું હતું કાર્યક્રમમાં સાદરા રાષ્ટ્રીય સેવા યોજનાના એકમના સ્વયં સેવકો શ્રી ખંજન મકવાણા, ચિરાગ ઓડ, હિતાર્થ પટેલ, ચંદ્રભાન મકવાણાના નેતૃત્વમાં પ્રાથમિક



શાળા, સાદરાના પ્રાચાર્યશ્રી રંજન બહેન પટેલ અને બધાજ અધ્યાપકોને ગાંધી સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું હતું જ્યારે લગભગ ૩૦૦ વિધાર્થીઓ માટે ગાંધી સાહિત્ય અને પોસ્ટરનીનું આયોજન કરવામાં આવ્યું હતુ સ્વયં સેયવકો દ્વારા ગાંધી જીના વિવિધ સ્મરણો અને પ્રસંગોની વાત વિધાર્થીઓ સામે પ્રસ્તુત કરવામાં આવી હતી કાર્યક્રમનું ઉદ્દેશ્ય અને હેતુ વિધાર્થીઓમાં ગાંધી વિચાર પ્રત્યે આકર્ષણ થાય અને વિધાર્થીઓ ગાંધી વિચારને પોતાના વ્યવહાર અને આચરણમાં મૂકે તેવું હતું રાષ્ટ્રીય સેવા ઓજના એકમના લીડર શ્રી શામળ ડાભી, નરેશ ઠાકોર, કૃણાલ મકવાણા, નમન સોંડાગર, મોતી દેવું અને રુચિત રાઠોડ દ્વારા ગાંધીજીના જીવનની ઝાંખીથી વિધાર્થીઓમાં પ્રેરણા પ્રાપ્ત થાય તેના માટેના પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

### અંદાજપત્ર પર રાજ્યપાલની પ્રતિક્રિયા

# ‘શ્રી અન્ન’ ની જોગવાઈઓથી નાના ખેડૂતોને મોટો ફાયદો થશે

ગાંધીનગર,તા.૦૧

વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ના સામાન્ય અંદાજપત્રમાં ’શ્રી અન્ન’ના ઉત્પાદક ખેડૂતો માટેની પ્રોત્સાહક વ્યવસ્થાઓથી નાના ખેડૂતોને મોટો લાભ થશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત જીએ બજેટ વિશે પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે, ગુજરાતના ડાંગ જિલ્લા ઉપરાંત આદિવાસી વિસ્તારોમાં નાના ખેડૂતો જાડા ધાન-’શ્રી અન્ન’ની ખેતી કરે છે. અંદાજપત્રની જોગવાઈઓથી મિલેટ્સની ખેતી કરતા ગુજરાતના ખેડૂતોને પ્રોત્સાહન મળશે. નાના ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવા ઉત્સાહિત થશે. એટલું જ નહીં, ’શ્રી અન્ન’ અને પ્રાકૃતિક કૃષિથી લોકોનું સ્વાસ્થ્ય પણ સુધરશે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનને સમૃદ્ધ, સમર્થ અને સંપન્ન ભારતની સંકલ્પના સાકાર કરવા માટેના અમૃતકાળના આ લાભદાયી અંદાજપત્ર માટે અભિનંદન આપતાં અને આભાર માનતાં કહ્યું હતું કે, ગ્રામીણ વિસ્તારોમાં યુવાનો પ્રયોગશીલ કૃષિ માટે પ્રેરાય એ હેતુથી એગ્રીકલ્ચર એક્સીલરેટર ફંડની જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈથી કૃષિ ક્ષેત્રે ઉત્પાદકતા અને ખેડૂતોની આવક વધશે. રૂપિયા ૨૨૦૦ કરોડના આત્મનિર્ભર કલીન પ્લાન્ટ પ્રોગ્રામથી સારી ગુણવત્તાવાળા, રોગમુક્ત બાગાયતી પાકોનું ઉત્પાદન વધશે. બજેટની આ જોગવાઈઓથી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને વિશેષ પ્રોત્સાહન મળવાની સંભાવના તેમણે વ્યક્ત કરી હતી.

# કર્ણાવતી સ્કુલ ઑફ ડેન્ટિસ્ટ્રીનો એસોસિયેશન ઑફ સ્પેશિયલ કૅર ડેન્ટિસ્ટ્રી સાથે એમઓયુ

ગાંધીનગર,તા.૦૧

દંતચિકિત્સાના શિક્ષણ અને સંશોધનને સુધારવાની દિશામાં એક હરણફાળ ભરીને કર્ણાવતી યુનિવર્સિટી ઑફ ડેન્ટિસ્ટ્રી (કેએસડી)એ એસોસિયેશન ઑફ સ્પેશિયલ કૅર ડેન્ટિસ્ટ્રી સાથે એક મેમોરેન્ડમ ઑફ અંડરસ્ટેન્ડિંગ પર હસ્તાક્ષર કર્યા છે, જેથી કરીને દંતચિકિત્સાના શિક્ષણને સુધારી શકાય તથા પીડિયાટ્રિક એન્ડ પ્રીવેન્ટિવ ડેન્ટિસ્ટ્રીના ક્ષેત્રમાં ઓરો-ડેન્ટલ હેલ્થકૅરને વધુ સારી રીતે પૂરી પાડી શકાય. કર્ણાવતી સ્કુલ ઑફ ડેન્ટિસ્ટ્રીના ડિરેક્ટર, પ્રોફેસર (ડૉ.) રોહન ભટ્ટ દ્વારા શ્રી વેંકૈયા નાયડુની ઉપસ્થિતિમાં આ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યાં હતા. કેએસડી એ કર્ણાવતી યુનિવર્સિટીનો એક હિસ્સો છે. કર્ણાવતી યુનિવર્સિટી શિક્ષણમાં શ્રેષ્ઠતા પ્રત્યે સમર્પિત અને ઈન્ટરડિસિપ્લિનરી લર્નિંગ પર કેન્દ્રીત રાજ્યની ખાનગી યુનિવર્સિટી છે. કેએસડી આ એસોસિયેશન સાથે એમઓયુ કરનારી પશ્ચિમ ભારતની એકમાત્ર શૈક્ષણિક સંસ્થા છે. એમઓયુ પર હસ્તાક્ષર કરવાના સમારોહમાં નેપાળ અને દેશના અન્ય પડોશી દેશો સહિત સમગ્ર ભારતમાંથી ઓછામાં ઓછા ૧,૩૦૦ જેટલા પીડિયાટ્રિક ડેન્ટિસ્ટ હાજર રહ્યાં હતાં. તે પીડિયાટ્રિક ડેન્ટિસ્ટ્રીમાં કોઈપણ સંસ્થા દ્વારા હાંસલ કરવામાં આવેલું સર્વોચ્ચ સન્માન છે. આ પ્રોગામનો ખાસ ઉદ્દેશ્ય બાળકો અને જેમને વિશેષ કાળજીની જરૂર છે, તેવા લોકોને સહાયરૂપ થવાનો હતો. વિશેષ જરૂરિયાતો ધરાવતા લોકોને તેમની વિકાસ અને જ્ઞાનાત્મક સ્થિતિને કારણે દાંતની સારવાર પ્રાપ્ત કરતી વખતે વિશેષ કાળજી લેવી પડે છે.

## ખૂણેખાંચરેથી

●સર્વ વિદ્યાલય કડી કેમ્પસ દ્વારા શિક્ષણવિદ્ સ્વ. માણેકલાલ પટેલની ૯૪મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

●કલોલ છત્રાલ હાઈવે પાસે કારે આઈસર ચાલકને ટક્કર મારતાં ઈજાગ્રસ્તને ગાંધીનગર સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવેલ.

●કલોલના સોજા ગામના બસસ્ટેશન પાસે રોડની સાઈડમાં પાર્ક કરેલી બાઈકની ચોરી થયાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

●ગુજરાત સરકારની વીજ વિતરણ કંપનીઓ દ્વારા વીજપુરવઠાના દરમાં યુનિટ દીઠ ૨૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે.

●ગાંધીનગર તાલુકાના રામપુર ગામે આજથી નવનિર્મિત પંચદેવ મંદિરનો ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો ભક્તિપૂર્ણ વાતાવરણમાં આરંભ થયો છે.

●જિલ્લામાં રોજગાર ભરતી મેળાઓ થકી ૪૦૦થી વધુ યુવાનોએ રોજગારી મેળવી.

●મોટેરા સ્થિત નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચેની ૨૦-૨૦ મેચ જોવા ગાંધીનગરના રસિયાઓ બપોરે બે વાગ્યાથી પહોંચ્યા હતા.

●ગાંધીનગર શહેરમાં ડોર ટુ ડોર કલેક્શન માટેની ગાડીઓ અનિયમિત થતાં નગરજનોમાં રોષની લાગણી ઉભી થઈ છે.

●ગાંધીનગર શહેરમાંથી હાથીપગાના રોગને લઈ ૧૮૦૦ જેટલા સેમ્પલો લઈ ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે.

●આજે કેન્દ્રીય બજેટને વેલકમ કરતાં શેરબજારના સેન્સેક્સમાં આવેલા ઉછાળાથી શહેરના રોકાણકારોમાં ખુશીનો માહોલ છવાયો છે.

●પશુપાલન શાખા દ્વારા જિલ્લાકક્ષાની પશુપાલન શિબિરનું દહેગામના રખિયાલ ખાતે આયોજન કરવામાં આવ્યુ છે.

●કર્મયોગીભવનમાં પંચાયત સેવા પસંદગી મંડળની કચેરીએ આજે આમ આદમી પાર્ટીના કાર્યકરોએ આવેદનપત્ર આપ્યુ છે.

●ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી સીટી બસો નિયમિત નહિ હોવાથી અપડાઉન કરતા નગરજનોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

●શહેરમાં લગ્નસરાની મોસમ પુરબહારમાં ખીલી હોવાથી ટ્રાફિકનું ભારણ પણ વધ્યુ છે.

ટચૂકડી જાહેર ખબર

**Change of Name**

Pansuriya Kartavi Pragneshbhai To Pansuriya Kartavi Pragneshkumar
**Resident : E-402, Shrifal Heights, Kudasan, Gandhinagar**

**Change of Name**

Pansuriya Pragneshbhai Bhagvanjibhai To Pansuriya Pragneshkumar Bhagvanjibhai
**Resident : E-402, Shrifal Heights, Kudasan, Gandhinagar**

**Change of Name**

Pansuriya Asmitaben Pragneshbhai To Pansuriya Asmita Pragneshkumar
**Resident : E-402, Shrifal Heights, Kudasan, Gandhinagar**

**Change of Name**

My Minor Son's Pansuriya Vatsal Pragneshbhai To Pansuriya Vatsal Pragneshkumar
**Resident : E-402, Shrifal Heights, Kudasan, Gandhinagar**

**Change of Name**

Pansuriya Asmita Pragneshbhai To Pansuriya Asmita Pragneshkumar
**Resident : E-402, Shrifal Heights, Kudasan, Gandhinagar**